# વલસાડનાં ડુંગરીમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થપાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં એક જ દિવસમાં વધુ ૧૧૧૩ કરોડ રૂપિયાના રોકાણો માટે વધુ ૪ એમઓયુ : ટેક્ષટાઈલ સેક્ટરમાં-૨૧૦૦, એન્જીનિયરીંગ સેક્ટરમાં-૭૦૦, ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં-૫૦૦ અને કેમિકલ સેક્ટરમાં-૩૦૮૫ સંભવિત રોજગાર

અમદાવાદ, તા.૮

મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યા છે. આ વાયબ્રન્ટ સમિટ દેશ-વિદેશનાં રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ એમઓયુ કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો છે.

આ ઉપક્રમનાં ત્રીજા તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગગૃહો દ્વારા રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. ૧૧૧૩કરોડના કુલ રોકાણો સાથે ૪ જેટલા એમઓયુ મંગળવાર, ૮ ઓગષ્ટે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. કેમિકલ સેક્ટરમાં કુલ ૩૦૦ કરોડ રૂપિયાના રોકાણો માટે ૧ ઉદ્યોગગૃહે એમઓયુ કર્યા હતા. તદ્નુસાર, મેઘમણી ક્રોપ ન્યુટ્રીશન લિમિટેડ સાણંદમાં નેનો પ્રવાહી ખાતરનો પ્લાન્ટ ૨૦૨૫-૨૬ સુધીમાં શરૂ કરશે.

ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદરે રાજ્ય સરકાર વતી અને ઉદ્યોગગૃહોના સંચાલકો વતી તેમના વરિષ્ઠ CEO, MD વગેરેએ હસ્તાક્ષર કર્યા હતા. પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા આ એમઓયુ સાઈનીંગના ઉપક્રમની ત્રણ કડીમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂ. ૩૮૭૪ કરોડના રોકાણોના ૧૪ એમઓયુ સંપન્ન થયા છે.

આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ સાડા નવ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. તદ્નુસાર, ટેક્ષટાઈલ સેક્ટરમાં-૨૧૦૦, એન્જિનિયરીંગ સેક્ટરમાં-૭૦૦, ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં-૫૦૦ અને કેમિકલ સેક્ટરમાં-૩૦૮૫ સંભવિત રોજગાર અવસરોનું સર્જન થશે. રાજ્યમાં સરળતાએ ઉદ્યોગો શરૂ કરી શકાય તેવું પ્રો-એક્ટીવ એડમીનીસ્ટ્રેશન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છે તેની આ ઉદ્યોગકારોએ સરાહના કરી હતી. મંગળવારે ૮ ઓગષ્ટે થયેલા એમઓયુ અનુસાર સાણંદ, ડેસર-વડોદરા, પીપોદરા-સુરત તેમજ વલસાડના ડુંગરીમાં ૨૦૨૪-૨૫-૨૬ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટે ચાર એમઓયુ થયા છે. જે અનુસાર વન્ડર સિમેન્ટ લિમિટેડ ગુજરાતમાં પોતાનો પ્રથમ પ્રોજેક્ટ ડેસર તાલુકાના તુલસી ગામમાં રૂ. ૫૫૦ કરોડના રોકાણ સાથે શરૂ કરશે અને પચાસ લોકોને રોજગારી આપશે. આ ઉપરાંત હમી વેવેલન પ્રાઈવેટ લિમિટેડ સુરતના માંગરોળ તાલુકાના પીપોદરામાં વિસ્કોસ સ્ટેપલ યાર્ન અને પોલિસ્ટર સ્ટેપલ યાર્નનો પ્રોજેક્ટ ૧૧૪ કરોડ રૂપિયાના રોકાણથી શરૂ કરવાની છે. આ પ્રોજેક્ટથી ૩૦૦ જેટલા લોકોને રોજગાર અવસર મળશે. એટલું જ નહિ, મોરાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, વલસાડ જિલ્લાના ડુંગરીમાં ૧૪૯ કરોડના રોકાણથી ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના કરશે અને અંદાજે ૩૫૦૦ જેટલા રોજગાર અવસરનું નિર્માણ થશે.

આ એમઓયુ સાઈનીંગ અવસરે મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, ઉદ્યોગ કમિશનર સંદીપ સાંગલે, સંયુક્ત કમિશનર કુલદીપ આર્ય તથા ઈન્ડેક્ષ-બીનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સી એન ફાઈન આર્ટસના સ્ટુડન્ટ દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ પ્લાસ્ટિક ગ્લાસને કલર કરીને ડિઝાઈન બનાવી હતી.

# અમૂલ દ્વારા દૂધના ખરીદ ભાવમાં વધારો કરાયો

## નવો ભાવ પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા કરાયો છે, ગાયના દૂધમાં પણ પ્રતિકિલો ફેટે ૧૩.૭૦ રૂપિયાનો વધારો કરાયો છે

આણંદ, તા.૮

૭ લાખ પશુપાલકો માટે ખુશીના સમાચાર: અમૂલ દ્વારા દૂધના ખરીદ ભાવમાં રૂપિયા ૩૦નો વધારો કરાયો છે, ૧૧ ઓગસ્ટથી પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા ચુકવવામાં આવશેઆ ભાવ વધારો ૧૧ ઓગસ્ટથી લાગુ કરવામાં આવશે અને હવે નવો ભાવ પ્રતિકિલો ફેટ ૮૫૦ રૂપિયા કરાયો છે. ગાયના દૂધમાં પણ પ્રતિકિલો ફેટે ૧૩.૭૦ રૂપિયાનો વધારો કરાયો છે. અમૂલ ડેરીમાં દરરોજ લાખો લિટર દૂધની આવક નોંધાય છે. જેની જગ વિખ્યાત વિવિધ પ્રોડ્કટ ધૂમ મચાવી રહી છે. ત્યારે સતત દૂધની માંગ અને વપરાશ વચ્ચે અમૂલ ડેરીએ પશુપાલકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. ડેરી દ્વારા દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પહેલા દૂધનો ભાવ પ્રતિ કિલો ફેટે ૮૨૦ રૂપિયા હતો જેમાં ૩૦ રૂપિયાનો વધારો કરી ૮૫૦ રૂપિયા પ્રતિ કિલો ફેટે કરાયો છે.

આ જાહેરાત બાદ પશુપાલકો આનંદની લાગણી અનુભવી રહ્યા છે. અમૂલ ડેરીના આ નિર્ણયથી ૭ લાખ પશુપાલકોને ફાયદો થશે.

### આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો સંવેદનશીલ જિલ્લો

# દેવભૂમિ દ્વારકાના ૨૧ ટાપુ પર ફરી પ્રતિબંધ લગાવાયો

## દેશ વિરોધી પ્રવૃતિઓ અટકાવવા અને સુરક્ષાની દ્રષ્ટીએ નિર્જન ટાપુ પર પ્રતિબંધનો નિર્ણય

દેવભૂમિ દ્વારકા, તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર ૦૨ ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુઓ માનવ વસાહત રહિત છે.

જે પૈકી નરારા ટાપુ માટે ૧૯/૧૨/૧૬ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી.

ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે.

આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દેવભૂમિ દ્વારકાએ તેમને મળેલ સતાની રૂએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ, (૮) ખીમરોઘાટ ટાપુ, (૯) આશાબાપીર ટાપુ (૧૦) ભૈદર ટાપુ (૧૧) ચાંક ટાપુ (૧૨) ધબધબો (દબદબો) ટાપુ (૧૩) દીવડી ટાપુ (૧૪) સામીયાણી ટાપુ (૧૫) નોરૂ ટાપુ (૧૬) માન મરૂડી ટાપુ (૧૭) લેફા મરૂડી ટાપુ (૧૮) લંધા મરૂડી ટાપુ (૧૯) કોઠાનું જંગલ ટાપુ (૨૦) ખારા મીઠા ચુષ્ણામ ટાપુ (૨૧) કુડચલી ટાપુ (ક્રમ ૧ થી ૫ મહેસુલી હકુમત ખંભાળીયા, ૬ થી ૮ મહેસુલી હકુમત કલ્યાણપુર, ૯ થી ૨૧ મહેસુલી હકુમત દ્વારકા) ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ – ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

# સુરતમાં રિક્ષા પલટી જતા ૩ મિત્રોના કરૂણ મોત થયા

## રિક્ષામાં સવાર ચાર મિત્રો ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરીને ઘરે પરત ફરી રહ્યા હતા

સુરત, તા.૮


ઓગસ્ટ મહિનાના પહેલા રવિવારને ફ્રેન્ડશિપ ડે તરીકે સેલિબ્રેટ કરાય છે. આની ઉજવણી સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર કરવામાં આવી હતી. તેવામાં સુરતમાં અંજની નહેર પાસેના જીયાફાર્મ પાસે ગંભીર અકસ્માત થયો હતો. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે રિક્ષામાં સવાર ચાર મિત્રો ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. તેવામાં અચાનક એકની રિક્ષા પલટી જતા જોવાજેવી થઈ હતી. એટલું જ નહીં એકનું મોત ઘટનાસ્થળે થયું હતું જ્યારે અન્ય ૩ને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં અન્ય ૨ મિત્રોના મોતથી ખળભળાટ મચી ગયો હતો. મિથુન, અક્ષય, શરદચંદ્ર અને દિનેશ ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરવા માટે નીકળ્યા હતા. તેઓ જોરશોરથી સેલિબ્રેટ કર્યુ અને અંજની નહેર પાસેના રસ્તાથી પોતપોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન પોલીસના જણાવ્યા પ્રમાણે અક્ષયે પોતાની રિક્ષા પૂરપાટ ઝડપે દોડાવવાનું શરૂ કરી દીધું હતું. એટલું જ નહીં રિક્ષા એટલી જોરદાર દોડાવી હતી કે તેને કાબૂ ગુમાવી દીધો હતો. જોતજોતામાં તે પલટી ખાઈ ગઈ હતી. આ રિક્ષા પલટી ખાતા ચારેય મિત્રોને ગંભીરથી ગંભીર ઈજાઓ પહોંચી ગઈ હતી. આ દરમિયાન કોઈને માથાના ભાગમાં તો કેટલાકને હાથમાં ઈજા પહોંચી હતી. ઘટનાસ્થળ પર મુકેશનું તો નિધન થઈ જતા ચકચાર મચી ગઈ હતી. આવી રીતે સ્થાનિકોનો જમાવડો થઈ ગયો અને તેમને પોલીસની સાથે એમ્બ્યુલન્સ પણ બોલાવી દીધી હતી. જેથી કરીને તેમને સારવાર માટે ખસેડાયા અને આ દરમિયાન અન્ય ૨ મિત્રોના મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનામાં ૧ને ગંભીર ઈજા પહોંચી છે અને સારવાર લઈ રહ્યો છે. જ્યારે અન્ય ૩ યુવકોના મોત નીપજ્યા છે. આ ઘટનાની જાણ થતા ચારેયના પરિવારજનો પણ ત્યાં પહોંચી ગયા હતા. જેમાં મૃતકોના પરિવારજનોમાં શોકનું મોજુ પ્રસરી ગયું હતું. તો બીજી બાજુ જેઈજાગ્રસ્ત હતો તેના પરિવારમાં પણ ચિંતા ફેલાઈ ગઈ હતી.

# ગુજરાત વિદ્યાપીઠમાંથી દારૂની બોટલ ઝડપાઈ

અમદાવાદ, તા.૮

ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાંથી દારૂની બોટલ ઝડપાઈ છે. વિદ્યાપીઠના પ્રાણ જીવન છાત્રાલયના રૂમ નંબર ૪૧ માંથી દારૂની બોટલ મળી આવતા ચારેબાજુ ચર્ચાના વંટોળ ઉભા થયા છે. વિદ્યાર્થીના રૂમમાંથી દારૂની બોટલ મળી આવતા હાલ તો રૂમ સીલ કરાયો છે. પ્રાણજીવન બિલ્ડીંગનો પાયો ગાંધીજીએ નાખ્યો હતો, એ જ હોસ્ટેલના રૂમમાંથી દારૂ મળી આવ્યો છે. હવે દારૂના નશાથી વિદ્યાપીઠ પણ બાકાત રહ્યું નથી.

ગુજરાત વિદ્યાપીઠના વીસી ભરત જોષીએ આ સમગ્ર ઘટના વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠ માટે શરમની વાત છે. વિદ્યાર્થીના રૂમમાંથી દારૂની બોટલ પકડાઈ છે એ વાત સાચી છે. ગઈકાલે સમગ્ર ઘટના સામે આવી છે. હોસ્ટેલ મેનેજમેન્ટ બ્રાન્ચના હેડ પોતે તપાસમાં ગયા હતા, અગાઉ આ અંગે ફરિયાદો મળતી રહી હતી. ઈતિહાસ વિભાગના "૨.દ્વ ના વિદ્યાર્થીના રૂમમાં બહારથી વિદ્યાર્થીઓ આવ્યો હતો. અમે એ વિદ્યાર્થીનું એડમિશન



રદ કર્યું છે. ગાંધીજીની વિદ્યાપીઠમાંથી આ રીતે બોટલ પકડાય એ શરમજનક કહી શકાય.

આમ તો ગુજરાત વિદ્યાપીઠ અને વિવાદ એકબીજાના પર્યાય બની ગયા છે કારણ કે, અનેકવાર વિદ્યાપીઠમાં વિવાદો અને વિરોધ નોંધાઈ ચૂક્યા છે.

હાલમાં એક નવો વિવાદ સામે આવ્યો છે, જેમાં વિદ્યાર્થીનીઓને સર્વ ધર્મ પ્રાર્થના કરતા રોકીને તેઓનું અપમાન કરવામાં આવ્યું હતું. બે દિવસ પૂર્વે ગુજરાત વિદ્યાપીઠમાં આ વિવાદ સર્જાયો હતો જ્યારે ઉપાસના ખંડમાં પ્રાથના કરવામાં આવી ત્યારે બે વિદ્યાર્થીનીઓને સર્વધર્મ પ્રાર્થના કરતા રોકવામાં આવી

### કંપની સમાચાર

# ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડનો આઈપીઓ ૧૦મીના રોજ ખૂલશે

અમદાવાદ, તા.૦૮

ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડે ("કંપની") ગુરુવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ તેની ઈક્વિટી શેર્સની આઈપીઓ ("ઓફર") રજૂ કરવાની દરખાસ્ત કરી છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર શરૂ થવાની એક કાર્યકારી દિવસ પહેલાની છે, એટલે કે, બુધવાર, ઓગસ્ટ ૦૯, ૨૦૨૩. બિડ/ઓફરની અંતિમ તારીખ સોમવાર, ઓગસ્ટ ૧૪, ૨૦૨૩ રહેશે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. ૧૮૭ પ્રતિ ઈક્વિટી શેરથી રૂ. ૧૯૭ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૭૬ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૭૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

આ ઓફરમાં રૂ. ૬,૦૦૦ મિલિયન ("ફ્રેશ ઈશ્યૂ") સુધીના એટલા જ ઈક્વિટી શેરના નવા ઈશ્યૂનો સમાવેશ થાય છે અને ૧,૪૨,૧૩,૧૯૮ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર, જેમાં ઓમેગા ટીસી હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ દ્વારા ૧,૦૭,૩૪,૫૬૫ ઈક્વિટી શેર, તાતા કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ દ્વારા ૯,૮૪,૮૨૩ ઈક્વિટી શેર્સ, કોટક સ્પેશિયલ સિચ્યુએશન્સ ફંડ દ્વારા ૧,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ અને ટીવીએસ મોટર કંપની લિમિટેડ (સંયુક્તપણે, ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર) અને રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસના પરિશિષ્ટ એ હેઠળ નિર્ધારિત અમુક અન્ય વેચાણ કરતા શેરધારકો ("અન્ય વેચાણકર્તા શેરધારકો") દ્વારા ૨૨,૯૩,૮૧૦ ઈક્વિટી શેર સુધીનો સમાવેશ થાય છે. ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ અને અન્ય સેલિંગ શેરહોલ્ડર્સને સામૂહિક રીતે "સેલિંગ શેરહોલ્ડર્સ" તરીકે અને સેલિંગ શેરધારકો દ્વારા વેચાણ માટેની આવી ઓફર, "વેચાણ માટેની ઓફર" તરીકે ઓળખવામાં આવે છે.

### સ્થળ મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજના પાછળ અંદાજિત રૂ ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે આ યોજના અન્વયે ગુણવત્તા મામલે પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે. એમ એલ એ કવાર્ટસના બાંધકામમાં કવોલિટી એસ્યોરન્સ અને કન્સટ્રકશન કામના ટેકનિકલ ઓડીટ માટે પણ ખાનગી પેઢીને જવાબદારી સોંપી દેવામાં આવી છે. આ યોજના અન્વયે ૨૧૬ ફલેટ ટાઈપ સદસ્ય નિવાસ બાંધવા માટે કામ સોંપી દેવામાં આવ્યુ છે. જયારે પ્રાથમિક તબક્કે જુના આવાસોનો કડુસલો કર્યા બાદ નવી યોજનાને અનુલક્ષી પાયાનુ ખોદકામ કરવામાં આવ્યુ હતુ જેમાં વિવિધ ૧૨ બ્લોક પૈકી ૨ સિવાય પ્લીન્થ લેવલે કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે અન્ય બે બ્લોકને અનુલક્ષી પાયાનુ કામ ચાલી રહ્યુ છે. નવા સદસ્ય નિવાસની યોજના સંદર્ભે અગાઉ એમ એલ એ કમિટીના સભ્યોની સથે બેઠક પણ યોજવામાં આવી હતી જયારે આજે સદસ્યની કમિટીના સભ્યોએ કાર્યયોજના સંબંધિત માહીતી મેળવવા તેમજ સુચનો કરવા માટે સ્થળ મુલાકાત લીધી હતી આ દરમિયાન સદસ્યોની કમિટીના ૧૦ સભ્યોએ આજે બપોરના સમયે રૂબરૂ મુલાકાત લઈ પ્રોજેકટ સંદર્ભે કેટલુ કામ થયુ તેની જાણકારી મેળવી જરૂરી સુચનો કર્યા હતા. કમિટીના સભ્યોમાં કેશાજી ચૌહાણ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, સંગીતાબેન પાટીલ સહીતના સદસ્યોનો સમાવેશ થાય છે. કમિટીના સભ્યોની મુલાકાત દરમિયાન માર્ગ મકાન વિભાગના સેક્રેટરી એ કે પટેલ, સી ઈ, એમ આઈ પટેલ, તેમજ વિભાગના એસ ઈ એસ એમ રાજપુત પાટનગર યોજના વિભાગ ડીવીઝન -૧ ના કાર્યપાલક ઈજનેર કેતન રાવત સહીતના અધિકારીઓએ પણ જાણકારી આપી સુચનો પણ મેળવ્યા હતા. કમિટી કક્ષાએથી નવા સદસ્ય નિવાસની યોજનાને અનુલક્ષી આંતરિક માર્ગોનુ નેટવર્ક ૬ મીટરના બદલે ૭.૫૦ મીટર સુધી પહોળુ કરવા માટે પણ સુચન કરવામાં આવ્યુ હતુ જયારે વચ્ચેના એરિયામાં વધુ ખુલ્લી જગ્યા મળે બગીચાનુ આયોજન કરવા તેમજ કાર્યક્રમના આયોજન સહીત નાનુ મંદિર નિર્માણ પણ થઈ શકે તે મુજબની સ્પેશ ખુલ્લી મળી રહે તે અંગે પણ સુચન કરવામાં આવ્યુ હતુ. જીમ ,સ્વીમીંગ પુલ, કોમ્યુનિટી હોલના આયોજન અંગે પણ સભ્યોએ જાણકારી મેળવી હતી. આ ઉપરાંત પાણીની વ્યવસ્થા સંદર્ભે પણ યોગ્ય આયોજન કરવા જાણકારી મેળવી સુચનો કર્યા હતા.

### ગટરલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હયાત લાઈન ડિસ્ટર્બ ન થાય તેમજ રૂટમાંથી પસાર થતી અન્ય યુટીલીટીઝ લાઈનને ખલેલ ન પહોંચે તે મુજબ કામગીરી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જો કે પાણી ગટરની નવી લાઈન નાંખવાના પ્રોજેકટ સંદર્ભે શરૂઆતથી જ એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. અનેકવાર લાઈનમાં ભંગાણ થવાની સાથે નીચેથી પસાર થતા વિજળીની લાઈન કે નેટના કેબલો સહીતના જોડાણમાં ભંગાણ થવાના કે કટ ઓફ થવાના કિસ્સાઓ પણ અનેકવાર સામે આવ્યા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓના ઘરોમાં લાઈટ ડુલ થવાની સાથે સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ અનેક ઠેકાણે બિન ઉપયોગી બન્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જયારે પાણી ગટરની લાઈનના ખોદકામના લીધે સેકટરોના આંતરિક માર્ગો તેમજ ફુટપાથની પણ દશા ખરાબ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે લાઈનનુ ખોદકામ જયાં સુધી પુર્ણ ન થાય ત્યાં સુધી સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગની કામગીરી પણ અટવાયેલી છે. જો કે હજુ પાણીના નેટવર્કની જેમ જ ગટર લાઈનની કામગીરી પુર્ણ થતા પણ સમય લાગશે.

### ગોંધી રાખતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફસાવી દેશે તેમ કહેતા દિનેશભાઈએ ફરીયાદ પરત લેવાની ના પાડી હતી. ત્યારબાદ તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. થોડા સમય બાદ ફરીથી વિપુલે ફોન કરીને દિનેશભાઈને તુ ફરીથી મારી પાસે આવી જા, નહીતર આ બધા તને છોડશે નહી, તેમ કહીને તું આવે છે કે હું ત્યાં આવું તેમ કહીને ધાકધમકી આપી હતી. કોબા સર્કલ પાસે દિનેશભાઈ પહોંચતા વિપુલ મેદપરાએ તેના એક વ્યકિતને દિનેશભાઈની ગાડીમાં બેસાડી દીધો હતો. ત્યારબાદ અંબાપુર ગામમાં આવેલ સોસાયટીના બંગલામાં લઈ ગયા હતા. ત્યાં દિનેશભાઈને સોફા પર બેસાડ્યા પછી વિપુલે ફરીયાદ પાછી ખેંચી લેવા દબાણ કરતા બંન્ને વચ્ચે ચકમક ઝરી હતી. આ સમયે દિનેશભાઈએ બહાર નીકળવાનો પ્રયાસ કરતા વિપુલે ગાડીની ચાવી લઈ લીધી હતી. મોબાઈલ ફલાઈટ મોડ પર કરાવી સાઈડમાં મુકી રખાવ્યો હતો. રાત્રે વિપુલે દિનેશભાઈને બંગ્લોઝમાં ગોંધી રાખી જમવા માટે વિપુલ વૈષ્ણોદેવી સર્કલ પાસે ફાર્મ હાઉસમાં લઈ ગયો હતો. જયાં ટેબલ પર રિવોલ્વર મુકી મારી નાંખવાની ધમકી આપી હતી.બીજા દિવસે ધાક ધમકીથી ડરી ગયેલા દિનેશભાઈ ફરીયાદ પાછી લેવાની છે તેમ કહી સોલા પોલીસ મથકે લઈ જઈ નિવેદન લખાવ્યું હતું. જયારે અંબાપુર ગામના બંગલે લઈ જઈ ત્યાં રોકડા રૂ.૨૫ હજાર આપી રાજસ્થાન જતા રહેવાનું કીધુ હતું. જયાં સુધી હું ના કહું ત્યાં સુધી અમદાવાદ આવતો નહી તેમ કહ્યું હતું. જેથી દિનેશ ગભરાઈ જતા રાજસ્થાન જતા રહ્યા હતા. અ દરમિયાન પણ વિપુલ વારંવાર ફોન કરી પૈસા આપવાની લાલચ આપી ધમકી આપતો હતો. રાજસ્થાન પહોંચીને દિનેશભાઈએ સઘળી હકીકત પોતાના પરિવારજનોને કહેતા પરિવારે આશ્વાસન આપતા હાઈકોર્ટમાં પીટીશન કરી હતી. ત્યારે આજે આ મુદ્દે ઈન્ફોસીટી પોલીસ મથકે વિપુલ મેદપરા (સુરત) સામે ફરીયાદ નોંધાઈ છે.

### ટ્યુબવેલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે ૨૪ કલાક પાણી પુરવઠો આપવાની નવી યોજના અમલમાં મુકાય તેવા સંજોગોમાં પણ સપોર્ટીવ સિસ્ટમ માટે સેક્ટર ૨૮ જીઆઈડીસીમાં ૩૦૦ મીટર ઉંડો અને ૨૫૦ એમએમ ડાયામીટરનો નવો ટ્યુબવેલ બનાવવા આયોજન કરાયું છે જ્યારે મશીનરી ઈન્સ્ટોલ કરવા સાથે પમ્પ હાઉસ કાર્યરત કરવા માટેની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે.

### ઉજવવા પ્રસ્તાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આધારે વિશ્વાસ અને પરસ્પર સમજણને એક સંપૂર્ણ નવા સ્તરે સમજ ઉભી કરી છે.

આ પ્રસ્તાવમાં જણાવાયું છે કે ભારતીય વારસાના અમેરિકન નાગરિકો સરકારી અધિકારીઓ, લશ્કરી કર્મચારીઓ અને કાયદા અમલીકરણ અધિકારીઓ બનીને દેશમાં જાહેર જીવનને વધારે છે. આ લોકો બુદ્ધિપૂર્વક યુએસ બંધારણના સિદ્ધાંતોનું પાલન કરે છે. તેઓ દેશની વિવિધતાને સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ ઉપરાંત પ્રસ્તાવમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતનો સ્વતંત્રતા દિવસ અમેરિકામાં રહેતા ભારતીયો સાથે ઉજવવો જરૂરી અને મહત્વપૂર્ણ છે.

### વિસ્ફોટની ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુંબઈ પોલીસ કોલ કરવાનું કારણ જાણવા માટે આરોપીની પૂછપરછ કરી રહી છે. જોકે, પોલીસને શંકા છે કે, કોલરે શરાબના નશામાં કોલ કર્યો હતો.

મુંબઈ પોલીસે જણાવ્યું કે, સોમવારે મોડી રાત્રે આરોપીએ મહરાષ્ટ્ર મંત્રાલયમાં ફોન કરીને મુંબઈમાં આતંકવાદી હુમલાની ધમકી આપી હતી. ફોન પર તેણે કહ્યું હતું કે, મુંબઈમાં એક-બે દિવસમાં આતંકવાદી હુમલો થશે. આરોપીની ઉંમર ૬૧ વર્ષની છે અને તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### નો-ફ્લાય લિસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીજીસીએની ૨૦૨૧માં 'નો ફલાય લિસ્ટ'ની શરૂઆત બાદ અત્યાર સુધીમાં ૧૬૬ યાત્રીઓને આ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. સરકારે સોમવારે સંસદમાં આ જાણકારી આપી હતી.

નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી જનરલ વીકે સિંહે રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ૨૦૨૦માં મુસાફરો દ્વારા નોંધાયેલી કુલ ફરિયાદોની સંખ્યા ૪,૭૮૬ હતી. ૨૦૨૧ માં ૫,૩૨૧, ૨૦૨૨ માં ૫,૫૨૫ અને આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨,૩૮૪ છે. તેમણે એમ પણ કહ્યું કે ૨૦૧૪માં દેશમાં શેડ્યૂલ ઓપરેટર્સના કાફલામાં કુલ ૩૯૫ વિમાન હતા જેની સંખ્યા ૨૦૨૩માં વધીને ૭૨૯ થઈ ગઈ છે.

આ વર્ષમાં અત્યાર સુધીમાં, ૨,૩૦૦ થી વધુ ફરિયાદો આવી ચૂકી છે અને વર્ષ ૨૦૨૧ થી નો ફલાય લિસ્ટ જાહેર થયા બાદ તમામ ફરિયાદો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે અને ડીજીસીએદ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

### એમ પણ બને !

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આ રીતે પોતાની જાત સાથે પ્રેમ સવારમાં ગાર્ડનમાં ફરવા જવાનું, કુદરત વચ્ચે સમય પસાર કરવો,સેલ્ફી, પોતાના માટે શોપિંગ કરવી, કરતાં શીખી જઈશું તો આપણે પોતે જ આપણી મહાનતાના માર્ગદર્શક હોઈશું.

ખુદ નું ખુદથી જ બંધન કરવું અનિવાર્ય છે. કારણ બાળપણથી આપણે રીત રિવાજ,પ્રેમ, પરંપરા, ભણતર, અને કેટ કેટલા સામાજિક પડકારો ના વિચારોમાં વીંટળાઈએ છીએ. મનમાં બાંધેલી ખોટી ધારણા અને વલણ ક્યારેય સત્ય ને નિહાળી નથી શકતા. જીવનના સત્ય ની સમજ માત્ર પોઝિટિવ વિચારો થકી જ આવશે. માટે સારો અભિગમ અપનાવી નબળા અને ગુંચવાઈ ગયેલા ભૂતકાળનો ત્યાગ કરી દઈએ. અને આ બધાને શકતા. જીવનના સત્ય ની સમજ માત્ર પોઝિટિવ વિચારો થકી જ આવશે. માટે સારો અભિગમ અપનાવી નબળા અને ગુંચવાઈ ગયેલા ભૂતકાળનો ત્યાગ કરી દઈએ.

અને આ બધાને મુક્તિ આપી, અવગણીને ખુદ નું ખુદનું બંધન કરી જીવનને ખરા અર્થમાં માણવાનું છે.

આપણા જીવનમાં ઘટતી ઘટનાઓ કોઈ ને કોઈ પ્રયોજન માટે જ હોય છે. કંઈક શીખવા, કંઈક અનુભવ કરવા માટે આવેલી સુંદર તક જ હશે.

ઘટેલ ઘટનાઓ સારી છે કે ખરાબ એનું મૂલ્યાંકન કરવાની પળોજળમાં પડ્યા વિના માત્ર એનો અનુભવ કરી એક ઈશ્વરીય અવસર સમજી એને માંણી ચાલો કંઈક સકારાત્મક શીખીએ

એટલું યાદ રાખવું આપણી વર્તણુકના આધાર પર લોકો આપણને ઓળખતાં હોય છે, માન સન્માન આપતાં હોય છે.

સારી આદતો જ જીવન સુધારે છે

શ્રેષ્ઠ વ્યક્તિની વર્તણુક વિશિષ્ટ હોય છે.

- parulamit198@gmail.com, 7201001482